# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref no. PN 2025-26/063 Dt. 23/07/2025

તંત્રીશ્રી, _________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સચિન જીઆઇડીસી ખાતે ધ એમ્પ્લોઇમેન્ટ લીન્કડ ઇન્સેન્ટીવ (ELI) સ્કીમ વિષે અવેરનેસ સેશન યોજાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ સચિન ટેક્ષ્ટાઇલ પ્રોસેસર્સ એસોસીએશનની સાથે મળીને મંગળવાર, તા. ૨૨ જુલાઇ ૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સચિન જીઆઇડીસી ખાતે ધ એમ્પ્લોઇમેન્ટ લીન્કડ ઇન્સેન્ટીવ (ઇએલઆઇ) સ્કીમ વિષે અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં સુરતના રિજીયોનલ પીએફ કમિશનર શ્રી સંજય સિંગ ગુર્જરે સ્કીમ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી નિરવ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, ભારત સરકારની રોજગાર સંબંધિત પ્રોત્સાહન ઇએલઆઇ સ્કીમ આવેલી છે તે ખૂબ જ ઉપયોગી છે. આ સ્કીમથી ઓછામાં ઓછા સાડા ત્રણ કરોડ યુવાનોને રોજગાર મળશે અને ફોર્મર એમ્પ્લોયમેન્ટ તરફ યુવાનો વધશે. જેને કારણે યુવાનોને સોશિયલ સિકયુરિટી પણ મળશે. પીએફના લાભ, ઇન્સ્યુરન્સ કવરેજ થકી પરિવારજનોને પ્રોટેકશન વિગેરે મળી જાય છે. સાથે સાથે યુવાનોને રોજગાર આપનાર ઉદ્યોગકારોને પણ તેનો લાભ મળે છે.

સુરતના રિજીયોનલ પીએફ કમિશનર શ્રી સંજય સિંગ ગુર્જરે સ્કીમ વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રિય મંત્રી મંડળે રોજગાર નિર્માણ, રોજગાર ક્ષમતા અને તમામ ક્ષેત્રોમાં સામાજિક સુરક્ષાને ટેકો આપવા માટે રોજગાર સાથે જોડાયેલ પ્રોત્સાહન (ઇએલઆઇ) યોજનાને મંજૂરી આપી છે. જેમાં ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આ યોજના હેઠળ, જ્યારે પહેલી વખત કામ કરનારા કર્મચારીઓને એક મહિનાનો પગાર (રૂપિયા ૧૫ હજાર સુધી) મળશે ત્યારે નોકરીદાતાઓને વધારાની રોજગારીનું સર્જન કરવા માટે બે વર્ષ સુધીના સમયગાળા માટે પ્રોત્સાહનો આપવામાં આવશે. જેમાં ઉત્પાદન ક્ષેત્ર માટે બીજા બે વર્ષ માટે વિસ્તૃત લાભો આપવામાં આવશે.

ELI યોજનાની જાહેરાત કેન્દ્રિય બજેટ ૨૦૨૪–૨૫માં ૪.૧ કરોડ યુવાનો માટે રોજગાર, કૌશલ્ય અને અન્ય તકોને સરળ બનાવવા માટે પાંચ યોજનાઓના પેકેજના ભાગ રૂપે કરવામાં આવી હતી, જેનો કુલ બજેટ ખર્ચ રૂપિયા ૨ લાખ કરોડ છે. ૯૯૪૪૬ કરોડ રૂપિયાના ખર્ચ સાથે ઇએલઆઇ યોજનાનો ઉદ્દેશ્ય બે વર્ષના સમયગાળામાં દેશમાં ૩.૫ કરોડથી વધુ નોકરીઓના સર્જનને પ્રોત્સાહન આપવાનો છે. આમાંથી ૧.૯૨ કરોડ લાભાર્થીઓ પહેલી વાર નોકરીમાં પ્રવેશ કરશે. આ યોજનાના લાભો ૧ ઓગષ્ટ ૨૦૨૫થી ૩૧ જુલાઇ ૨૦૨૭ની વચ્ચે સર્જાયેલી નોકરીઓ પર લાગુ થશે.

EPFO સાથે નોંધાયેલા પહેલીવાર કર્મચારીઓને લક્ષ બનાવતા આ ભાગ બે હપ્તામાં રૂપિયા ૧૫ હજાર સુધીનો એક મહિનાનો ઇપીએફ પગાર ઓફર કરશે. એક લાખ રૂપિયા સુધીનો પગાર ધરાવતા કર્મચારીઓ પાત્ર રહેશે. પહેલો હપ્તો છ મહિનાની સેવા પછી ચૂકવવા પાત્ર રહેશે અને બીજો હપ્તો બાર મહિનાની સેવા અને કર્મચારી દ્વારા નાણાકીય સાક્ષરતા કાર્યક્રમ પૂર્ણ થયા પછી ચૂકવવા પાત્ર રહેશે. બચત કરવાની આદતને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહનનો એક ભાગ ચોક્કસ સમયગાળા માટે ડિપોઝિટ એકાઉન્ટના બચત સાધનમાં રાખવામાં આવશે અને કર્મચારી પછીની તારીખે ઉપાડી શકશે.

આ ભાગમાં તમામ ક્ષેત્રોમાં વધારાની રોજગારીનું સર્જન કરવામાં આવશે, જેમાં ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. નોકરીદાતાઓને એક લાખ રૂપિયા સુધીના પગારવાળા કર્મચારીઓના સંદર્ભમાં પ્રોત્સાહનો મળશે. સરકાર ઓછામાં ઓછા છ મહિના સુધી સતત રોજગાર ધરાવતા દરેક વધારાના કર્મચારી માટે નોકરીદાતાઓને બે વર્ષ માટે દર મહિને રૂપિયા ૩ હજાર સુધી પ્રોત્સાહન આપશે. ઉત્પાદન ક્ષેત્ર માટે પ્રોત્સાહનો ત્રીજા અને ચોથા વર્ષ સુધી પણ લંબાવવામાં આવશે.

EPFO સાથે નોંધાયેલા સંસ્થાઓએ ઓછામાં ઓછા છ મહિના માટે સતત ધોરણે ઓછામાં ઓછા બે વધારાના કર્મચારીઓ (૫૦થી ઓછા કર્મચારીઓ ધરાવતા નોકરીદાતાઓ માટે) અથવા પાંચ વધારાના કર્મચારીઓ (૫૦ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતા નોકરીદાતાઓ માટે) રાખવા પડશે. રૂપિયા ૧૦ હજાર સુધીના EPF વેતન ધરાવતા કર્મચારીઓને પ્રમાણસર પ્રોત્સાહન મળશે. આ ભાગ નોકરીદાતાઓને લગભગ ૨.૬૦ કરોડ વ્યક્તિઓને વધારાની રોજગારીનું સર્જન કરવા માટે પ્રોત્સાહન આપવાની અપેક્ષા છે. આ યોજનાના ભાગ એ હેઠળ પ્રથમ વખત કામ કરતા કર્મચારીઓને તમામ ચૂકવણીઓ આધાર બ્રિજ પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરીને ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર મોડ દ્વારા કરવામાં આવશે. ભાગ બી હેઠળ નોકરીદાતાઓને ચૂકવણી સીધી તેમના પાન લિંકડ એકાઉન્ટ્સમાં કરવામાં આવશે.

ELI યોજના સાથે સરકાર તમામ ક્ષેત્રોમાં ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્રમાં રોજગાર સર્જનને ઉત્પ્રેરિત કરવાનો ઇરાદો ધરાવે છે. ઉપરાંત, પ્રથમ વખત કાર્યબળમાં જોડાતા યુવાનોને પ્રોત્સાહન આપવાનો પણ ઈરાદો ધરાવે છે. આ યોજનાનો એક મહત્વપૂર્ણ પરિણામ એ પણ હશે કે કરોડો યુવાનો અને મહિલાઓ માટે સામાજિક સુરક્ષા કવચનો વિસ્તાર કરીને દેશના કાર્યભારનું ઔપચારિકરણ કરવામાં આવશે.

સચિન ટેક્ષ્ટાઇલ પ્રોસેસર્સ એસોસીએશનના પ્રમુખ શ્રી વિનોદ અગ્રવાલે સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની લેબર લો કમિટીના ચેરમેન શ્રી સોહેલ સવાણીએ સેશનનું સંચાલન કરી વકતાશ્રીનો પરિચય આપ્યો હતો. સુરતના રિજીયોનલ પીએફ કમિશનર શ્રી સંજય સિંગ ગુર્જરે સ્કીમ સંબંધિત ઉદ્યોગકારોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.